# ફિનિક્સ પંખીની ઉડાન



સબિતા આનંદ

I can't go on, I'll go on

*– Samuel Beckett*

એક જ જીવનમાં અગણિત તકલીફો વેઠી હોય એવાં મહિલા છે સબિતા આનંદ. પરંતુ કહેવાય છે કે આવી વ્યક્તિઓને કુદરત એવી અપાર શક્તિઓ પ્રદાન કરે છે કે તેઓ જીવન જંગમાંથી વિજેતા થઈને બહાર આવે છે.

"સારા અને સમજદાર માબાપ તથા સદા સાથ નિભાવે એવાં ભાઈ-બહેન સાથે મારી જિંદગીની શરૂઆત બહુ સુખમય હતી. ભારત બહાર વિદેશમાં મારો જન્મ. માબાપ સાથે હું દસ વર્ષની થઈ ત્યાં સુધી રહી હતી. ત્રીજા ધોરણ પછી ઍડનની કૉન્વેન્ટ સ્કૂલમાં દાખલ થઈ. એ દરમિયાન શું થયું એ મને ખરેખર યાદ નથી પરંતુ મારા પિતાજીએ અમારા વતન કેરળના એક સાવ નાનકડા ગામ પાઝાયન્નુઆરમાં મને મોકલી દેવાનો નિર્ણય કર્યો. 1973ની આસપાસ યમનની ક્રાંતિએ મારા પિતાના બધા પ્લાન બદલી નાખ્યા. મારી મા અને ભાઈ ઍડન છોડીને ભારત પાછાં આવ્યાં. સદ્‌ભાગ્યે મારા પિતાએ મુંબઈના જુહુ વિસ્તારમાં દરિયાઈ વ્યૂ ધરાવતા એક ફ્લૅટમાં રોકાણ કરેલું હતું એટલે મુંબઈ જેવા શહેરમાં રહેવાનો પ્રશ્ન નહોતો. સંજોગવશાત્ મને અને મારી બહેનને સાથે ઉછરવાનો ચાન્સ ક્યારેય

મળ્યો જ નહોતો. એટલે એ એક ફાયદો હતો. દરેક યુવતીની જેમ મેં પણ રાજકુમારી જેવા સુંદર લગ્નની કલ્પના કરી હતી. પરંતુ, નિયતિને કંઈક બીજું જ મંજૂર હતું. દુર્ભાગ્યે, મારું લગ્નજીવન જરાય સુખી ન નિવડ્યું પહેલી વાર મને ખ્યાલ આવ્યો કે લગ્ન પછી પણ તમે એકલાં જ હો છો. કોઈપણ પ્રકારની મિત્રતા, પ્રેમ, લાગણી કે એકાત્મકતા વગર મારું લગનગાડું આડું આડું પણ ડચકાં ખાતું ચાલતું હતું. સમજી લો કે બે અજાણ્યાઓ એક છત નીચે રહેતાં હતાં.

મારા પતિને અમેરિકામાં જૉબ ઑફર થઈ ત્યારે હું બહુ ઉત્સાહમાં આવી ગઈ હતી. મને થયું કે એમને પોતાની કારકિર્દી વિકસાવવાની અને અમારા સૌની જિંદગી સુધારવાની ઉત્તમ તક મળી છે. પરંતુ ધાર્યું તો ઉપરવાળા ધણીનું જ થાય! જિંદગી અમને કોઈક જુદા જ મુકામ ઉપર લઈ જવાની હતી. અમે સાવ અજાણી જગ્યા બોટ્સ્વાના પહોંચ્યાં. જગતના નકશામાં આ દેશનું ભૌગોલિક સ્થાન મને ખબર નહોતી. આંખના પલકારામાં બધી ઘટનાઓ બનવા માંડી હતી. 1989ની 24 ડિસેમ્બરે અમે દારેસલામ થઈને ગેબેરોન પહોંચ્યાં. મુંબઈ જેવાં મહાનગરમાંથી આવ્યા પછી ગેબેરોનને જોઈને પહેલી છાપ તો એ જ પડી કે અરે વાહ, આ તો સરસ મજાનું નાનું ગામડું છે. શાંતિથી જીવન વીતી શકશે. મારે બાળક તો જોઈતું જ હતું એટલે ટૂંક સમયમાં હું સગર્ભા બની. 1990માં રૂપાળી દીકરીની માતા બન્યા પછી જીવન જાણે પરિપૂર્ણ લાગતું હતું. દીકરીની આસપાસ જ મારું જીવન વ્યતીત થઈ રહ્યું હતું.

દીકરીએ બાલમંદિરમાં જવા માંડ્યું ત્યારે મેં નક્કી કર્યું કે હવે મારે મારી કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરવું છે. મેં કૉર્પોરેટ લૉ વર્લ્ડમાં કામ કરવાનું શરૂ કર્યું. હું નિષ્ઠાપૂર્વક કામ કરતી હોવાથી મને સારા સારા ક્લાયન્ટ્સ મળવા લાગ્યા હતા. આવક પણ પ્રમાણમાં ઘણી સારી હતી. બીજી બાજુ મારું લગ્નજીવન સાવ ખાડે જઈ રહ્યું હતું. પતિ ધીમે ધીમે દારૂનો બંધાણી બની રહ્યો હતો. મને અને મારી દીકરીને એમના પ્રત્યે સાવ અનાદર અને અભાવ ઉત્પન્ન થતો હતો. અમારી વચ્ચેનું અંતર અને મતભેદો વધી રહ્યા હતાં. અમે બધાં દયનીય જીવન જીવતાં હતાં. કેટલીક વાર તો અંધારું થતાં જ હું અને મારી

દીકરી એમની સાથે સંઘર્ષ ટાળવા બેડરૂમમાં ભરાઈ જતાં. મને થતું કે મારી દીકરી ખાતર પણ મારે ઘર છોડીને બીજે રહેવા જતાં રહેવું જોઈએ. છેવટે હિંમત એકઠી કરીને મારી દીકરી સાથે એક દિવસ મેં ઘર છોડી દીધું અને ભાડાનું ઘર ન મળે ત્યાં સુધી મારી એક મિત્રને ત્યાં રહેવા ચાલી ગઈ. એ પછી થોડા સમયમાં નવું ઘર લીધું. કેટલાંક વર્ષો ત્યાં સારી રીતે પસાર થયાં. 2009માં મારી દીકરી ઘર છોડીને મેડિકલ સ્કૂલમાં દાખલ થઈ. મારી પચાસમી વર્ષગાંઠ નજીક જ હતી. અમે ધામધૂમથી ઉજવવાની તજવીજમાં હતાં. પરંતુ, અહીં પણ ભગવાને મારા માટે કંઈક જુદું જ નિર્ધાર્યું હતું." સબિતા આનંદ વાતનો આરંભ કરે છે.

22 મી મે, 2011નો દિવસ અણધાર્યાં કષ્ટ લઈને આવ્યો. એ દિવસે સબિતાનું જીવન હંમેશ માટે બદલાઈ ગયું. "કેરાલાથી આવેલી એક મંડળી દ્વારા સંગીતનો પ્રોગ્રામ યોજાયો હતો. મેં અને મારી કેટલીક મિત્રોએ એ કાર્યક્રમમાં જવાનું નક્કી કર્યું હતું. દેશથી આવેલા મ્યૂઝિકલ જોવા અમે સૌ ખૂબ આતુર હતાં. સરસ મજાની મારી ફેવરીટ ટર્કોઈઝ બ્લ્યૂ કલરની સાડી અને મોતીના ઘરેણાં પહેરી હું તૈયાર થઈ. મુંબઈની મારી એક મિત્રે આપેલું ક્લચ પર્સ પણ સાથે રાખ્યું હતું. જો કે, કાર્યક્રમ એટલો બધો નિરાશાજનક હતો કે અમારા બધાનો ઉમંગ સાવ ઊડી ગયો હતો. અલબત્ત, કંઈક અમંગળ થવાનું તો હજી બાકી હતું. મારી જિંદગી પહેલાં જેવી નહોતી રહેવાની એનો મને અણસાર સુધ્ધાં ક્યાં હતો? પહેલાં તો અમારો પ્લાન મારી અથવા મારી મિત્રની કારમાં જ કાર્યક્રમ જોવા જવાનો હતો પરંતુ, મિત્રના પતિએ અમને લેવા-મુકવાનું નક્કી કરતાં એ આયોજન બદલાયું હતું.

કાર્યક્રમ તો ઠીક, પણ અમે બહેનપણીઓએ એકબીજાની કંપની ખૂબ માણી અને મજા કરી હતી. પાછાં ફરતાં મારી મિત્ર સુષમાને એના ઘરે ઉતારી અમે આગળ વધી રહ્યાં હતાં. હજુ તો જરાક જ આગળ ગયા કે તરત જ ઓવર બ્રિજ પર અમારી કારને ભયંકર અકસ્માત થયો. કેટલાક દારૂ પીધેલા છોકરાઓએ અમારી કારને ટક્કર મારી હતી. ગંભીર હાલતમાં મને હૉસ્પિટલમાં દાખલ કરવામાં

આવી. શરીરમાં ઘોંચેલી બધી જ પ્રકારની નળીઓ સાથે હું ભાનમાં આવી ને મારી આંખ ઊઘડી ત્યારે મને ખબર પડી કે હું મારા ઘરે નહીં પણ હૉસ્પિટલના બિછાને હતી. છેલ્લે, સુષમાને અમે એના ઘરે ઉતારી બસ, એટલું જ મને યાદ હતું. દરમિયાન મને એવું સપનું આવ્યું કે હું મારા મૃત પિતા, માતા, ભાઈબહેન અને મારી દીકરી શર્મિષ્ઠા સાથે જુહુના ઘરમાં આનંદમય જીવન જીવી રહી છું. કદાચ આ સ્વપ્ને જ મને જીવિત રાખી કારણ કે એ ખ્યાલ જ મારા માટે ખુશીની લહર સમાન હતો. મને હંમેશાં થતું કે હું ક્યારેય સામાન્ય અને સંપૂર્ણ સુખી જીવન જીવી જ નથી, પિયર પક્ષે કે પતિ સાથે. આ સ્વપ્ન સાચું પડવાની આશા સાથે જ જાણે મારા જીવમાં જીવ આવ્યો હતો."

આફ્રિકાનું કૉમોટેઝ રાજ્ય પછાત હતું. બોટ્સ્વાનામાં સારી તબીબી સુવિધા નહોતી. અકસ્માત વખતે તો આ દેશમાં કોઈ સારા ન્યુરોસર્જન પણ નહોતાં. મિત્રોના આગ્રહ અને દીકરીની વિનંતીને પગલે મેડિકલ ઑફિસર સબિતાને જોહાનિસબર્ગની મિલપાર્ક હૉસ્પિટલમાં ઍરલિફ્ટ કરવા તૈયાર થયા.

સબિતા સહેજ અટકીને વાત આગળ વધારે છે. "મારા વિકૃત થઈ ગયેલાં હોઠ, કપાળ પરના ઘા, ફ્રેક્ચર થયેલાં હિપ્સ અને માથા સહિત અનેક ઈજાઓને દુરસ્ત કરવા મારે મેક્સિલૉફેશિયલ તથા અનેક સ્થાને પ્લાસ્ટિક સર્જરી કરાવવી પડી. જો કે, હૉસ્પિટલના બિછાના ઉપર મને ક્યારેય એવું નહોતું લાગ્યું કે હું હવે અપંગ-અપાહિજ થઈ જઈશ. એવો વિચાર પણ નહોતો આવ્યો કે મારી જ સાથે આવું શા માટે થયું! મારા ખાસ મિત્રોએ હૉસ્પિટલની ડિપૉઝિટ ભરી દીધી, મને ફક્ત સાજા થવા પર ધ્યાન આપવા કહ્યું. એ ક્ષણે તો મને એમ જ થતું કે હે ભગવાન, દુનિયામાં મારે કશું જ નથી જોઈતું. હું ફક્ત મારી દીકરી સાથે રહી શકું એટલું જીવન આપજે."

ત્રણ મહિના સુધી સંપૂર્ણ પથારીવશ સબિતાએ જિંદગીનો સૌથી કપરો સમય જોયો હતો. એમની દીકરી પણ ત્રણેય મહિના સતત એમની પડખે રહી હતી. સવિતાના અન્ય બે આધારસ્તંભ હતાં

મિત્રો વેન્કિટ અને સુષમા, જેમણે સબિતાના સાજા થવામાં અગત્યની ભૂમિકા ભજવી હતી. હૉસ્પિટલમાંથી રજા આપ્યા બાદ પણ એણે બોટ્સ્વાનાથી દક્ષિણ આફ્રિકા નિયમિત ચેક-અપ માટે આવવું પડતું હતું. આ પણ બહુ મોટો પડકાર હતો કારણકે હજુ એ સંપૂર્ણપણે આત્મનિર્ભર થયાં નહોતાં.

“આમ છતાં હું જોહાનિસબર્ગ નિયમિત ચેક અપ માટે જતી હતી. આ તબક્કે મારું જીવન મિત્રો ઉપર જ નિર્ભર હતું કારણ કે મને સખત હેડ ઇન્જરી થઈ હોવાથી હું ભારે દવાઓ હેઠળ હતી. જાતે ડ્રાઇવ કરી શકું એવી કોઈ જ સ્થિતિ નહોતી. છેક 2012ના સપ્ટેમ્બર મહિનામાં મારી દવાઓ બંધ થઈ. ધીમે ધીમે ડ્રાઇવ કરવાનું શરૂ કર્યું. ઘરેથી કામ કરવાનો નિર્ણય લીધો અને મારા લિવિંગ રૂમમાં એક સહાયકની મદદથી હું ક્લાયન્ટ્સને કન્સલ્ટ કરતી. ઝડપથી સાજી થાઉં એ માટે હું બહુ પૉઝિટિવ હતી. મારી જાતની ક્યારેય દયા ખાતી નહીં. માનતી પણ નહીં કે હું માંદી કે અક્ષમ છું.” કહે છે સબિતા.

પરંતુ કહેવાય છે કે ‘પડે છે ત્યારે સઘળું પડે છે.’ બીજીવાર દુર્ઘટના થાય એ વધુ કપરી હોય છે. સબિતાને તો એક-બે નહિ ત્રણ-ત્રણ વાર ભયાનક પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો.

“જીવન હજુ તો માંડ થાળે પડી રહ્યું હતું એવામાં 29મી મે, 2013માં એક બીજી દુર્ઘટના ઘટી. મારા પહેલા ઘરે એટલે કે પતિને ત્યાં કામ કરતી નોકરાણીએ મને ફોન કરીને કહ્યું કે તમારા પતિ આનંદ બાથરૂમમાં નાહવા ગયા પછી બહાર આવ્યા નહીં. એમને મેસિવ હાર્ટ ઍટેક આવ્યો અને તેઓ ગુજરી ગયા છે. મારે નિર્ણય લેવાનો હતો કે એમની અંતિમ ક્રિયા ક્યાં અને કેવી રીતે કરવી. મારી દીકરીની ત્રીજા વર્ષની ફાઇનલ ઍક્ઝામ ચાલી રહી હતી છતાં એણે સૂચવ્યું કે પિતાના અંતિમ દર્શન માટે એ આવે છે જેથી અંતિમ ક્રિયા યોગ્ય રીતે પાર પડે. દીકરી 30મીએ આવી અને બોટ્સ્વાનામાં જ 31મી મેએ અમે અંતિમ ક્રિયા પતાવી. આ સમયે પણ મારા મિત્રોએ જ અંતિમ ક્રિયા ઇત્યાદિનો ખર્ચ ઉપાડી લીધો હતો. સદ્ભાગ્યે, પછીથી હું બધાનું દેવું ચૂકવી દેવા સમર્થ થઈ શકી હતી.

પતિના મૃત્યુ પછીનાં વિધિ-વિધાન વતન કેરાલામાં પતાવ્યા પછી બોટ્સ્વાના પાછાં આવી મારી લીગલ કન્સલ્ટન્સી ફર્મ શરૂ કરવાનું નક્કી કર્યું. પરંતુ નસીબ ક્યાં સીધું ચાલતું હતું! મારી તબિયત સારી રહેતી ન હોવાથી મેં બ્લડ ટેસ્ટ કરાવ્યો. ડૉક્ટરે મને તાત્કાલિક હેમેટોલૉજિસ્ટનો સંપર્ક સાધવા કહ્યું. થોડુંક સંશોધન કરીને સારા આફ્રિકન ડૉક્ટરને મળવા પણ જણાવ્યું. ઇન્ટરનેટ ઉપર અમે શોધખોળ કરતાં હતાં એમાં ડૉ. એન્ડ્રુ મૅકડોનાલ્ડ નામ સ્ક્રીન ઉપર દેખાયું. વળી પાછી હું દક્ષિણ આફ્રિકા કાર હંકારીને ગઈ.

ડૉક્ટરે તપાસીને મને કહ્યું કે તમે સેન્ડટોન ક્લિનિકમાં અત્યારે જ પહોંચી, મહિલા ડૉક્ટરને બતાવી બોનમેરો બાયૉપ્સી કરાવો. મને કંઈ સમજાતું નહોતું કે એ કોઈ ટેસ્ટ હતો કે પછી મારા હાડકાંના આંતરિક કોષોને બહાર કાઢીને કરવામાં આવતી કોઈ પ્રક્રિયા હતી!

હંમેશની જેમ હું શાંત જ હતી. આ વખતે નવા અને જુદા-જુદા ડૉક્ટરોનો અનુભવ લઈ રહી હતી. મને ખબર નહોતી કે બોનમેરો બાયોપ્સી શું છે. ડૉક્ટરે મને પેટ નીચે રાખીને ટેબલ પર સૂઈ જવા જણાવ્યું. મારા હિપ બોનમાંથી થોડુંક પ્રવાહી કાઢીને એનો ટેસ્ટ કરવા માટે મને લોકલ એનેસ્થેસિયા આપવામાં આવ્યો. ભયંકર દુખાવો થતો હતો પણ મારા નસીબે અહીં પણ સાથ ન આપ્યો. ડાબી બાજુના હિપમાંથી પૂરતું પ્રવાહી ન મળતાં આખી પ્રક્રિયા ફરી પાછી જમણી બાજુ કરવી પડી. દર્દને લીધે સખત મોટી રાડ પડી ગઈ’તી મારાં મોઢેથી.

મારા ત્રણ મિત્રો જે મને સપોર્ટ આપવા પડખે ઊભા રહ્યા હતાં એ પણ મારી આ ભયાનક ચીસથી ડરીને ભાગી ગયા. 2014ની 27 ફેબ્રુઆરીનો એ દિવસ હતો. રિપોર્ટ પહેલી માર્ચે આવવાનો હતો. ડૉક્ટરનો ફોન ન આવતા ત્રીજી માર્ચે મેં ફોન કર્યો. ડૉક્ટરે તરત જ મને કહ્યું કે સામાન્ય સંજોગોમાં આવા સમાચાર હું ફોન ઉપર ન આપું પણ મારી પાસે સાઉથ આફ્રિકાનો વિઝા ન હોવાથી એમની પાસે કોઈ વિકલ્પ નહોતો. એમણે મને બેસવા માટે કહ્યું અને પૂછ્યું કે ઘરમાં બીજું કોઈ છે કે નહીં. ઘરકામ કરનારી બાઈ છે એમ મેં જણાવતાં એમણે ઘટસ્ફોટ કર્યો. ડૉક્ટરે મને કહ્યું કે તમને મલ્ટિપલ

માયલોમા સ્ટેજ-ટુ નું કૅન્સર છે. મારા પગ નીચેથી જાણે જમીન સરકી રહી હતી. મને સમજાતું નહોતું કે ડૉક્ટર શું કહી રહ્યા હતા. તેમણે બનતી ત્વરાએ સારવાર શરૂ કરવાની સૂચના આપી."

ભાંગી પડેલી સબિતાએ એમના સૌથી નજીકના મિત્રોને હવે શું કરવું એ ચર્ચા કરવા ઘરે બોલાવ્યા. એમની ખાસ મિત્ર સુષમા પોતાની બહેનને કૅન્સર થયું હોવાથી એની મદદ માટે ત્રણ મહિના કેરાલા ગઈ હતી. સુષમાનું સૂચન હતું કે કૅન્સર જેવા કપરા રોગ વખતે, ખાસ તો કીમોથૅરેપીનાં સેશન્સ પછી કુટુંબીજનો સાથે હોય એ બહુ મોટો સપોર્ટ હોય છે. મિત્રની સલાહને ધ્યાનમાં લઈને બહાદુર સબિતાએ ભારતની લાંબી મુસાફરી કરવાનો નિર્ણય લીધો અને ઇન્ડિયાની ફ્લાઇટ પકડી.

સબિતા પોતાની વૃદ્ધ માતા અને બહેન સાથે રહેવા કેરાલા પહોંચ્યાં. એમના નજીકના મિત્ર વેન્કિટ પણ એમની સાથે હતા.

"મારા કાકાની દીકરી કૅન્સરના દર્દીઓનું કાઉન્સેલિંગ કરતી હતી અને ત્યાંની લૅકશોર હૉસ્પિટલમાં જાણીતા કૅન્સર નિષ્ણાત વી.પી. ગંગાધરન સાથે સંકળાયેલી હતી. ભારત આવવાના દિવસે જ મારી અપૉઇન્ટમેન્ટ નક્કી થઈ ગઈ હતી. લગભગ 200થી 300 દર્દીઓ પ્રતીક્ષા ખંડમાં રાહ જોઈ રહ્યાં હતાં. ડૉક્ટરે ફરીથી પેલી અત્યંત પીડાજનક બોનમેરો બાયોપ્સી કરવાની વાત કરી. અથવા તો મારે જોહાન્સિબર્ગથી ટેસ્ટની સ્લાઇડ્સ લાવીને એમને બતાવવી પડશે એમ જણાવ્યું. પણ એ પ્રક્રિયામાં મોડું થાય એમ હોવાથી મારે એ પીડા જનક પ્રક્રિયામાંથી પસાર થવા સિવાય છૂટકો ન હતો. ભારે દવાઓના ડોઝને લીધે એની ગંભીર આડઅસરો થઈ હતી જેમાં, મને સતત ઝાડા-ઊલટી થતાં. નસો ખેંચાઈ જતી અને ખૂબ થાક લાગતો. મારી દીકરી સાથે દરરોજ વાત કરીને મારો જીવન સામે ઝઝૂમવાનો જુસ્સો ટકાવી રાખતી હતી. પહેલા તો મને વાંચનનો ખાસ શોખ નહોતો પરંતુ આ માંદગીએ મને સારી વાચક બનાવી દીધી. ઉમદા પુસ્તકો હું વાંચવા માંડી. મારી જાતને કહ્યાં કરતી કે આ તો એક દુઃસ્વપ્ન છે, થોડા સમયમાં પૂરું થઈ જશે. પરંતુ દવાઓ અને વાતાવરણની અસરને લીધે મારો અસ્થમા એટલી હદે વધી ગયો હતો કે મારે દરરોજ નેબ્યુલાઇઝર વાપરવું પડતું. મને સતત ખાંસી રહેતી હતી.

છેવટે હું પાછી બોટ્સ્વાના પહોંચી પરંતુ મારી તબિયત એટલી હદે બગડી ગઈ હતી કે હું પથારીમાં હલી શકતી નહોતી. મારે ફરી પાછાં દક્ષિણ આફ્રિકા જઈ ડૉક્ટરને બતાવવાનું હતું. 2014ની 22 સપ્ટેમ્બરે હું જોહાન્સિબર્ગની 'પ્રિટોરિયા ઇસ્ટ નેટ-કૅર 'હૉસ્પિટલમાં પહોંચી જ્યાં સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટના નિષ્ણાત ડૉક્ટરો હતાં. ડૉ. મૅકડોનાલ્ડે એક ઇન્જેક્શન આપવાનું નક્કી કર્યું જેનાથી માયલોમા કાઉન્ટ, જે 4500ના સ્તરે પહોંચ્યા હતાં એ નીચે આવે. દર પંદર દિવસે આ ઇન્જેક્શન લેવાનું હોવાથી ત્યાં એક રૂમ ભાડે રાખી.

જેનો પતિ સ્ટેમસેલ ટ્રાન્સપ્લાન્ટ દરમિયાન ગુજરી ગયો હતો એવી એક સ્ત્રી ફક્ત કૅન્સરના દર્દીઓને આ રૂમ ભાડે આપતી હતી. મને વેલ્કેડ નામના ઇન્જેક્શન દ્વારા નવા પ્રકારની કીમોથૅરાપી આપવામાં આવતી હતી. ડૂંટીની આસપાસ દર અઠવાડિયે ઇન્જેક્શન અપાતું. ડૉક્ટર ધીમે-ધીમે મને સ્ટેમસેલ ટ્રાન્સપ્લાન્ટ માટે તૈયાર કરી રહ્યા હતાં. સઘન કીમોથૅરાપીને લીધે પાંચદિવસમાં જ મારા વાળ ઉતરવા માંડયા. ત્યાર બાદ નવા સ્ટેમસેલના સર્જન માટે મને બીજું એક ઇન્જેક્શન આપવામાં આવ્યું જેનાથી મને સખત પીડા થતી હતી અને અત્યંત પીડાદાયી મસલ ક્રેમ્પ્સ આવતા હતાં. આમ છતાં, મારો પૉઝિટિવ સ્પિરિટ બરકરાર હતો. મારે ફક્ત મારી દીકરી માટે જ જિંદગી જીવવી હતી.

દુર્ભાગ્યે ઇન્જેક્શનથી પૂરતા સ્ટેમસેલ ઉત્પન્ન ન થયા. હવે એક જ ઉપાય બાકી હતો મોઝોબિલ નામનું એક ખૂબ મોંઘું ઇન્જેક્શન લેવાનો. મેડિકલ ઇન્સ્યુરન્સ કંપનીએ ઇન્જેક્શનની કૉસ્ટ કવર ન કરતાં મારે ગજવામાંથી પૈસા કાઢવા પડયા હતાં. આ બધી લાંબી પ્રક્રિયામાં ટ્રાન્સપ્લાન્ટમાં વિલંબ થયો. એમાં વળી, રૂટીન ચેક-અપ દરમિયાન ડૉક્ટરને મારા ડાબા થાઇરૉઇડમાં કંઈક વિચિત્ર વૃદ્ધિ દેખાઈ. એ ગાંઠ હોવાથી તાત્કાલિક ઑપરેશન કરીને ડાબું થાઇરૉઇડ કાઢી નાખવામાં આવ્યું. આ બધું પૂરું થતાં 2015ના એપ્રિલ મહિનો આવી ગયો.

ઈશ્વર કૃપાથી હું આઈ.સી.યુ.માંથી બહાર આવી અને ટ્રાન્સપ્લાન્ટ પછીનાં સાવચેતીનાં પગલાં રૂપે ડૉક્ટરે 'ડુઝ ઍન્ડ ડોન્ટ્સ'નું મોટું

લિસ્ટ આપ્યું. બે મહિના સુધી ઍન્ટિબાયૉટિક પર રહી. છેવટે સ્ટેમસેલ ટ્રાન્સપ્લાન્ટ પછી 19મી જૂને મને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો.

મોટા જેલવાસમાંથી છુટકારો થયો હોય એવું મેં અનુભવ્યું હતું. 8મી જુલાઈએ હું બોટ્સ્વાના પહોંચી. અઢળક ચીજવસ્તુઓ ખાવા પર પાબંદી હતી, પરંતુ મને મારું જીવન પાછું મળ્યું હતું. 2016ની 9મી જુલાઈએ મારી દીકરી ડૉક્ટર થઈ ગઈ એની ગ્રૅજ્યુએશન સેરિમની માટે મારે પૅક્સ જવાનું હતું.

ડૉક્ટર બનવાનું એનું સ્વપ્ન પૂરું થયું હતું એનો મને ખૂબ આનંદ હતો. અમે ઑડિટૉરિયમ પર પહોંચ્યાં અને થોડી જ વારમાં એનું નામ ડૉક્ટર તરીકે જાહેર થયું એ ક્ષણ મારા જીવનની સૌથી ધન્ય પળ બની રહી. અમે એક સરસ રૅસ્ટોરન્ટમાં જઈને લંચ લીધું. ખૂબ મજા કરી. ત્યાર બાદ થોડા દિવસ પછી અમે ઓસ્ટ્રિયા, સાલ્ઝબર્ગ, વિયેના અને ત્યાંથી ઇટલી, રોમ, ફ્લોરેન્સ, પિઝા અને વેનિસનો પ્રવાસ પણ ખેડ્યો. હવે જ્યાં સુધી મારી તબિયત એકદમ બરાબર થાય નહીં ત્યાં સુધી મારી દીકરીએ મારી સાથે બોટ્સ્વાનામાં જ રહેવાનું નક્કી કર્યું છે એટલે મારી જિંદગીનો શ્રેષ્ઠ તબકકો હવે શરૂ થયો છે. હવે પાછું વળીને જોવાની નથી કારણ કે જીવનમાં હજુ ઘણું કરવાનું બાકી છે. દરેક દિવસ નવો આનંદ, નવું સુખ, નવા અનુભવો અને નવા પાઠ શીખવી જાય છે. તેથી આ ક્ષણનો જ આનંદ માણી લેવો એ મને જિંદગીએ શીખવાડ્યું છે. ***જો ભી હૈ, બસ યહી એક પલ હૈ...!***